



# આત્માનંદ પ્રકાશ



भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैःस्तेजःप्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचि हृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरतु भुवने वीरभानुप्रभावात् ॥

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક : ૬૩ અંક : ૭
વૈશાખ : વીર સં. ૨૪૯૨ : આત્મ સં. ૬૯ : વિ. સં. ૨૦૨૨

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જિનવાણી | પં. બેચરદાસ | ૧૨૯ |
| ૨ | ચિંતનકણિકા | પં. પૂ. શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. | ૧૩૦ |
| ૩ | ભ. મહાવીરનું મહાભિનિષ્ક્રમણ | શ્રી ભાનુમતીબેન દલાલ | ૧૩૧ |
| ૪ | વિધિના લેખ | શ્રી મનસુખલાલ તા. મહેતા | ૧૩૩ |
| ૫ | પુણ્યનો પ્રભાવ | શ્રી કનૈયાલાલ વાઘાણી | ૧૩૬ |
| ૬ | ઉપયોગો લક્ષણમ્ | શ્રી ચતુર્ભુજ જેચંદ દોશી | ૧૩૭ |
| ૭ | જૈન સમાચાર | — — — | ૧૨ |



ગ્રામ : "Jahangir"

ફોન : મીલ : ૪૧૮૦
બંગલો : ૪૩૨૮


## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું.લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી મનુભાઈ વીરજીભાઈ સુતરીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ શ્રી મનુભાઇ વીરજીભાઇ સુતરીયા

## [ ટૂંકું જીવન ચરિત્ર ]

શેઠ શ્રી મનુભાઇનો જન્મ સાવરકુંડલામાં સંઘવી વીરજીભાઈ ગોપાલજીને ત્યાં શ્રીમતી ઝીણીબહેનની કુક્ષિએ વિ. સં. ૧૯૭૫ ના વૈશાખ વદિ બીજના દિવસે થયો હતો. તેમના પિતાશ્રીની સાવરકુંડલાની પેઢીનું નામ સૌરાષ્ટ્રમાં દરેક સ્થળે 'ધાબળાવાળા' તરીકે પ્રખ્યાત છે. વૃદ્ધ ઉંમરના કારણે શેઠ શ્રી વીરજીભાઇ ધંધામાંથી નિવૃત્ત થતાં હવે તે પેઢી તેમનાં સૌથી નાના પુત્ર સંઘવી વિનયચંદ વીરજીભાઈના નામથી ચાલે છે.

જાતમહેનત અને પોતાના સ્વબળે જેમ શ્રી વીરજી સંઘવીએ પોતાનો ધીકતો ધંધો અને આબરૂ જમાવ્યાં, તે જ રીતે વિ. સં. ૨૦૦૧ ની સાલમાં સુરત જઈ શેઠ શ્રી મનુભાઇએ સુતરનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. ત્યારથી તેઓ મનુભાઇ વીરજીભાઇ સુતરીયા તરીકે ઓળખાય છે. તેમના મોટાભાઈ કપુરચંદ શેઠ મેસર્સ એસ. કે. સંઘવીના નામથી તાંબા કાંટા, મુંબઈમાં યાર્નનો વેપાર કરે છે અને બીજા બે ભાઈઓ શ્રી જયંતીલાલ અને જગમોહનદાસ પણ કાપડ અને વેસ્ટનો ધંધો આસ્ટોડીયા, રંગાટીબજાર, અમદાવાદમાં કરે છે.

શેઠશ્રી મનુભાઈએ બહુ નાની વયે સુરતમાં સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને અપૂર્વ-ખંત, જાતમહેનત, દીર્ઘ અને ચકોર દૃષ્ટિ તેમજ ઉચ્ચ આદર્શોના કારણે વ્યાપાર તેમજ જાહેરક્ષેત્રે વિપુલ ધન અને કીર્તિ પ્રાપ્ત કર્યાં. શેઠશ્રી મનુભાઈએ જેમ લક્ષ્મી ઉપાર્જન કરી જાણી તેમ તેને સન્માર્ગે વાપરી પણ જાણી. લક્ષ્મી પેદા કરવી એ કાર્ય આ જમાનામાં અઘરૂં નથી, પણ તેનો સદુપયોગ કરવાનું કાર્ય કઠિન છે. શેઠ શ્રી મનુભાઇમાં આ બંને વાતનો સમન્વય થયેલો જોવામાં આવે છે, જે પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી હોય તો જ શક્ય બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંદગીના બિછાને પડેલાં તેમનાં પિતાશ્રીની ઇચ્છાનુસાર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિવર ઉપરના મૂળનાયકજી શ્રી આદિનાથદાદાની વર્ષગાંઠના નિમિત્તે થોડા દિવસો પહેલાં [ વૈશાખ વદિ ६ ] શેઠ શ્રી મનુભાઇએ ભારે ઉત્સાહ અને અત્યંત ઉલ્લાસપૂર્વક કુંડલાથી પાલીતાણાનો સંઘ કાઢયો હતો અને આ અપૂર્વ અવસરની સાથોસાથ શ્રી શત્રુંજય ગિરિવરની તળેટીમાં આવેલ શ્રી બાબુ ધનપતસિંહજીના જિનમંદિરમાં પ્રવેશદ્વાર સામે નવી તૈયાર કરાવેલ ભવ્ય દેવકુલિકામાં શ્રી ઋષભદેવ ભગવાનની અત્યંત મનોહર અને ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાનો અપૂર્વ લહાવો લીધો હતો. આ પવિત્ર પ્રસંગે પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન ચારિત્ર ચુડામણી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ તેમના શિષ્ય સમુદાય સાથે પધાર્યાં હતા.

શેઠશ્રી મનુભાઈ પોતાના ધંધાની સાથોસાથ રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક તેમજ ઔદ્યોગિક જાહેર સેવાની સંસ્થાઓમાં પણ અપૂર્વ રસ લઈ પોતાની સેવા આપે છે. છેલ્લા પંદર વર્ષોથી તેઓ સુરત ચેમ્બર્સ ઓફ કૉમર્સના ડીરેક્ટર છે. રેલ્વે બોર્ડની એડવાઇઝરી બોર્ડના તેઓ માનદ્ સભ્ય છે. સોરાષ્ટ્ર બંધુ મંડળ-સુરતના તેઓ પ્રમુખ છે. આ ઉપરાંત સુરત ઉદ્યોગ વિકાસ સમિતિ તેમજ અન્ય અનેક સંસ્થાઓમાં તેઓ એક અગર બીજી રીતે સંકળાયેલા છે.

શેઠશ્રી મનુભાઇના સુશીલ પત્ની સૌ. શાન્તાબહેન પણ પતિના પગલે ચાલી અનેક સ્રીસંસ્થાઓમાં પોતાની સેવા આપે છે. જૈન મહિલા સમાજના તેઓ પ્રમુખ છે.

આ સભાના પેટ્રન થઈ શ્રી મનુભાઇ શેઠે અમારા કાર્યમાં જે સહકાર અને સાથ આપ્યો છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ, તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે અને પોતાની ધર્મભાવના પ્રજ્વલિત રાખે એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

# श्री आत्मानंद प्रकाश

सच्चं लोगम्मि सारभूयं

વર્ષ : ૬૩ ] મે, ૧૯૬૬ [ અંક : ૭


## જિનવાણી

बालस्स पस्स बालत्तं
अहम्मं पडिवज्जिया ।
चिच्चा धम्मं अहम्मिट्ठे
नरए उववज्जई ॥

મૂર્ખ મનુષ્યની મૂર્ખતા તો જુઓ કે જે, ધર્મને ફેંકી દઈ, અધર્મનો સ્વીકાર કરી અધાર્મિક થાય છે અને પરિણામે નરકમાં જાય છે—નરક ગતિને પામે છે.

धीरस्स पस्स धीरत्तं
सच्चधम्माणुवत्तिणो ।
चिच्चा अधम्मं धम्मिट्ठे
देवेसु उववज्जई ॥

આચરણ દ્વારા સત્ય ધર્મને અનુસરનારા ધીર મનુષ્યનું ધીરપણું પણ જુઓ કે જે અધર્મને ફેંકી દઈ પરમ ધાર્મિક બને છે. અને પરિણામે દિવ્ય દશાને પામે છે.

तुलियाण बालभावं
अबालं चेव पंडिए ।
चइऊण बालभावं
अबालं सेवई मुणी ॥

વિવેકી મનુષ્યે-મુનિએ બાલભાવ-અજ્ઞાનીપણું અને અબાલભાવ-જ્ઞાનીપણું એ બંનેની તુલના કરી બાલભાવને તજી દઈ અબાલભાવનો સ્વીકાર કરવો જોઈએ.

પં. બેચરદાસ : મહાવીર વાણી પૃ. ૧૨૬-૭

# ચિંતન કણિકા

પં. પૂ. શ્રી ચંદ્રપ્રભસાગરજી મ. (ચિત્રભાનુ)

न त्वहं कामये राज्यं, ना स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानाम्, प्राणीनाम् आर्तिनाशनम् ॥

જગતમાં આજે પૈસા અને સમૃદ્ધિ માટે દોડાદોડ થઈ રહી છે અને વિજ્ઞાનના વિકાસ માટે પ્રયત્નો થઈ રહ્યા છે; પરંતુ એ બધાંથી મનુષ્યને સુખ છે ખરું ? એની સાથે સાથે મગજના રોગો, જ્ઞાનતંતુની નબળાઈ, ડીપ્રેશન, બ્લડ પ્રેશર અને હૃદયરોગો પણ વધતાં જાય છે. આ બધાની દવાઓ માટે વિજ્ઞાન મથી રહ્યું છે અને તત્કાળ ઉપાયો કરવા માટે પ્રયાસ થઈ રહ્યા છે; પરંતુ સાચો ઉપાય તેમજ આમ થવાનું સાચું કારણ કોઈ જોતું નથી.

ચૈતન્યથી વિરુદ્ધ આપણે કાર્યો કરીએ છીએ એ જ આ બધાનું સાચું કારણ છે એ મૂળ પ્રતિ જો મનુષ્ય પોતાની શક્તિ ખર્ચે તો આમાંનું કોઈ દુઃખ રહે નહિ.

આજે મનુષ્ય પૈસો, મોભો, સત્તા, વૈભવ કે નામના પાછળ પોતાનું અમૂલ્ય જીવન વેડફી રહ્યો છે. પોતાની સુખ શાન્તિ ગુમાવી રહ્યો છે પરંતુ એનાથી એને સાચો વૈભવ પ્રાપ્ત થાય છે ખરો ? એમ વૈભવ પ્રાપ્ત થતો હોત તો ભ. મહાવીર કે બુદ્ધ ભગવાન જેવા માનવીઓ રાજ્ય અને સુખ સમૃદ્ધિ છોડી ગયા ન હોત ! સોનું એ વૈભવ નથી. રાજ્ય એ વૈભવ નથી, પૈસો એ વૈભવ નથી. સાચો વૈભવ તો અંતરનો છે. એ વૈભવ મળે તો વન પણ ઉપવન બની જાય છે, નહિ તો અરણ્ય જ રહે. એ સાચા વૈભવને સમજવા માટે આપણી ઈચ્છા નથી. એટલું જ નહિ પણ એ વિચારવાની પણ આપણને ફુરસદ નથી. પછી શી રીતે સુખ મળી શકે ?

રામે રાજ્ય છોડયું પરંતુ પ્રજાના હૈયામાં પોતાનું સામ્રાજ્ય અખંડ બનાવ્યું. સોનાની લંકામાં પડેલી સીતા પાસે વૈભવની શી કમી હતી ? પરંતુ એનો ખરો વૈભવ હતો હૈયામાં વસેલા વનવાસી રામ ! એને ખાતર એણે દુઃખો ભોગવ્યાં અને સહ્યાં.

એ દુઃખે એને શક્તિ આપી. એ શક્તિ જેવી તેવી નહોતી. દુઃખ સહેવાની શક્તિ તે ઓમાં હતી. આપણે થોડાંક વર્ષો પહેલાંની સ્ત્રીઓ લઈએ તો આજની સ્ત્રીઓ જેટલી સ્વતંત્ર નહોતી. રૂઢિબંધનોમાં બંધાયેલી સ્ત્રીઓ હતી. પરંતુ એ બધાંમાં દુઃખમાં પણ સુખ ભોગવવાની શક્તિ હતી. તેઓને મળેલી તે સહનશક્તિ, ખરેખર, વખાણવા લાયક હતી. દુઃખનો સામનો કરવામાં એક પ્રકારનું સત્ત્વ આવે છે. એક પ્રકારની શક્તિ આવે છે. તે શક્તિથી માનવમૂલ્ય અંકાય છે અસત્યની સામે નમવું નહિ, દુઃખથી ભાગવું નહિ. એવી સોક્રેટીસની ભાવના હતી. અને એ ભાવના જ એને ઊંચે ચઢાવતી ગઈ.

દુઃખ આવી પડે તો તેનાથી ભાગી જતાં નહિ. તો દુઃખ પાછળ દોડશે; પણ તેને આવકારી તેને નિર્બળ કરવાના રસ્તાઓ શોધવા જોઈએ. એમાં ત્યાગની ભાવના કેળવાશે. વસ્તુઓ તમને બાંધનારી ન નીવડે એ જ જોવાનું છે. જગતમાં જાતજાતના સાધનો છે, તેના ગુલામ બનશો નહીં.

આપણી સંસ્કૃતિ ત્યાગની સંસ્કૃતિ છે, સમર્પણની સંસ્કૃતિ છે, ભાવનાની સંસ્કૃતિ છે. કમળ અને સ્વસ્તિકની સંસ્કૃતિ છે. એ આપણાં જીવનનાં પ્રતીક છે. એ કેળવી જીવન જીવવાથી જીવનમાં રસ રહે છે. થાક પણ ઓછો લાગે છે. સંયમી જીવનનો ફાયદો ઘડપણમાં જણાય છે. સારીય જિંદગીનો ચૈતન્ય સાથેના સંબંધનો હિસાબ ઘડપણમાં થાય છે અને જો એ શક્તિ કેળવેલી હશે તો જ મનુષ્યનું જીવન મળેલું એ ધન્ય ગણાશે.

પૈસો હોય કે ન હોય, સત્તા હોય કે ન હોય, સાધન હોય કે ન હોય, સ્વજનો હોય કે ન હોય છતાં જો સંયમ હશે, વાસનાઓથી મુક્ત થયેલું મન હશે તો જિંદગીમાં હતાશ થવાશે નહીં પરંતુ પોતાના સ્વસ્થ મનને બળે વિષમ સંજોગો વચ્ચે પણ માણસ પોતાનું જીવન સાચા વૈભવથી પસાર કરી શકશે. અને એ પોતાના આત્મિક વૈભવનો લાભ એના સમાગમમાં આવનારને પણ આપી શકશે.

( દિવ્ય દીપ તા. ૧૫-૭-૬૫માંથી સાભાર )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનું મહાભિનિષ્ક્રમણ

લે. શ્રી ભાનુમતીબેન દલાલ

જગત ઉપર અજ્ઞાનતા અને અત્યાચારનો અંધકાર છવાઈ ગયો હતો. માનવતાનો દીપક અસ્ત થઈ ગયો હતો. ન્યાય, નીતિ અને ધર્મના નામે પાપ અને અનાચારની દુર્ગંધ ચોમેર પ્રસરેલી હતી. સામાજિક, રાજકીય અને નૈતિક તત્ત્વોમાં દૂષણો પ્રવેશ્યા હતા. સત્તાઓ કેવળ સત્તાધારીઓની મહત્ત્વાકાંક્ષા સંતોષવામાંજ ઇતિકર્તવ્યતા માનતી હતી. હિંસા, અજ્ઞાનતા, વહેમ, ઉંચનીચના ભેદો અને દેવતુલ્ય મનાતા બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. યજ્ઞાદિ ક્રિયાઓમાં નિર્દોષ પ્રાણીઓ હોમાતા હતા. અને વિડંબની કરુણતા તો એ હતી કે એવા હોમમાંથી ભયંકર આર્તનાદો પ્રગટાવતી હિંસામાંથી સ્વર્ગ ઉપલબ્ધ થાય છે એવી એક અંધશ્રદ્ધામાં માનવ-સમાજ રાચતો હતો. સ્ત્રીઓની ગુલામી દશા મનમાં કંપ ઉપજાવે તેવી હતી. શાસ્ત્રનું કોઈપણ પઠન-પાઠન સ્ત્રીઓ નજ કરી શકે એવું સંકુચિત માનસ તે સમયમાં વર્તતું હતું. એ સંઘર્ષ અને સંક્રાન્તિકાળમાં જગતના જીવોનો ઉદ્ધાર કરનાર, માનવમહેરામણને શાંતિનો સાચો માર્ગ દેખાડનાર, ધર્મ, ન્યાય અને નીતિનું રક્ષણ કરનાર, મૃત માનવતાને સજીવન કરનાર, અહિંસાનો અમર ડંકો વગાડનાર ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુએ ચૈત્ર શુદિ તેરશના મહામંગલકારી દિવસે આ ભારત ભૂમિના પૃથ્વીપટપર અવતાર લીધો.

સુખવૈભવ અને ભોગવિલાસની ભરપૂર સાધન સામગ્રીના વાતાવરણમાં પ્રભુ મહાવીરનો રાજવંશીકુળમાં શ્રી સિદ્ધાર્થ રાજાને ત્યાં રાજકુમાર તરીકે જન્મ થયો હતો. એમના જીવનની એક મહાન વિશિષ્ટતા હતી કે જન્મકાળેજ એમનામાં ત્રણ જ્ઞાન આવિર્ભાવ પામેલા હતા. છતાં વિશિષ્ટ અવધિજ્ઞાનનો ઉપયોગ કરવાનું એમને મન નહોતું થતું. ગત ભવની અનેક ધર્મમય આધ્યાત્મિક સાધનાથી એમનો આત્મા નિર્મળ અને મહાન થઈજ ચૂક્યો હતો. છતાં સંસારમાં રહી તેમણે ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો હતો. અને તેથી તેમને પ્રિયદર્શના નામની એક પુત્રી પણ થઈ હતી. સંસારના સુખ ભોગવતાં એમને વિચારો આવતા કે સંસાર કેવો ભયંકર, દુઃખમય અને વિચિત્ર છે? સંસારની મોહમાયા, રાગદશા કેટલી કષ્ટ આપનારી છે! માનવ-દેહની ક્ષણિકતા અને છતાં એમાં જ રાચતો માનવગણ એ વિચારી એમનુ અંતર કંપી ઉઠતું. આત્મા એમાંથી કોઈ પણ કલ્યાણકારી માર્ગ કાઢવા તત્પર બની જતો. બુદ્ધિ, વિચારો અને તર્કોએ મનમાં હલચલ ઊભી કરી. અને સતત મનન ચિંતન અને સંઘર્ષ બાદ તેમને લાગ્યું કે માનવાત્માની સાચી શાન્તિ અને પ્રગતિ માટે આ સંસારથી અન્ય કોઈ માર્ગ આચરવોજ ઇષ્ટ છે. જ્ઞાનનું પરમ હાર્દ જાણવું હોય તો વૈભવવિલાસથી અલિપ્ત એવા કોઈ સ્થાને મનન કરવું વધારે યોગ્ય છે. તોજ સાચી સફળતા પ્રાપ્ત થાય. આ વિચારો દિન-પ્રતિદિન મજબૂત થતાં ગયા. આથી એમણે કુટુંબીજનોને પોતાના વિચારોથી જ્ઞાત કર્યા. સૌનું કલ્યાણ કરી શકાય એવો માર્ગ ત્યાગમાર્ગજ હતો એ એમણે સ્પષ્ટતાથી સમજાવ્યું. કેટલો વિરલ એ પ્રેમ હતો! કેટલી દૃઢ તથા ઉદાત્ત તેમની નિર્ણય શક્તિ હતી! નાસી છૂટવામાં એ માનતા નહોતા અને છતાં સૌને સમજાવી સંસાર અને મોહની વિડમ્બનાનું સ્વરૂપ સમજાવી, પ્રેમથી સૌને પોતાના કરી, સૌને અજવાળી એ પોતાના જ ધારેલા માર્ગે આગળ વધવા એ મહાન ત્યાગ મૂર્તિએ મહાભિ-નિષ્ક્રમણ કર્યું. એમનું મહાભિનિષ્ક્રમણ કંઈ જેવું તેવું સામાન્ય નહતું. પણ એક વિશિષ્ટ કોટિનું અને ભવ્ય હતું. નક્કર નિશ્ચય અને અડગ પુરુષાર્થ એ એમનાં જીવનનો મહામંત્ર હતો. પ્રભુએ જ્યારે દીક્ષા લીધી ત્યારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે એકલા જ હતા. એમની સાથે કોઇએ પણ દીક્ષા ગ્રહણ નહોતી કરી છતાં એ મહામાનવ એકાકીપણે જ્ઞાનનું સંપૂર્ણ તેજ પ્રાપ્ત કરવા ચાલી નીકળ્યાં.

કોઈપણ વ્યક્તિ જ્યારે મહાજ્ઞાનને પ્રાપ્ત કરવા સંસારનો ત્યાગ કરે છે પછીજ એમના સાધક જીવનમાં આકરી કસોટીઓ શરૂ થાય છે. તેમાં ઉભા થતા અનેક ઉપસર્ગો, પરિષહો અને કષ્ટોનો સમભાવ, ધીરજ અને મનની પ્રસન્નતાપૂર્વક સામનો કરવો પડે છે. અને ત્યારેજ તેમનો આત્મા અગ્નિમાં પડેલા સુવર્ણની જેમ શુદ્ધ થઇ પ્રકાશનાં દિવ્યકિરણો બહાર ફેલાવી શકે છે. એ કસોટીમાંથી પ્રભુ મહાવીર પણ બકાત નથી રહ્યાં. શું મહાત્માઓને પરમવિશુદ્ધિની કક્ષાએ પહોંચવા માટે એટલાજ મહાન ઉપસર્ગો અને વિષમતાઓમાંથી પસાર થવું પડતું હશે? શું સિદ્ધિ જેટલી મહાન એટલીજ ઘેરી અને એની પાછળની વેદના સહન હશે!

મહાભિનિષ્ક્રમણ કર્યાં પછી પ્રભુ મહાવીરની આકરી કસોટીનો કાળ શરૂ થયો. જંગલમાં વિહાર કરતાં કરતાં આગળ વધતા હતા. ત્યારે એક પછી એક કષ્ટો આવવાં શરૂ થયાં. ગોશાલકે જુદાજુદા મરણાંત ઉપસર્ગો કરી પ્રભુ મહાવીરની સહનશીલતા અને ધૈર્યની કસોટી કરી. શૂલપાણી અને સંગમ દેવતાએ જુદાં જુદાં ભયંકર કષ્ટો અને ઉગ્ર પરિષહો કર્યાં, છતાં એ ધીરપુરુષ તેમના દુશ્મન પ્રત્યે જરાપણ ક્રોધી ન બન્યા પણ તેઓ વધુ પ્રસન્ન ચિત્તવાળા અને મનથી અતિ શાન્ત રહ્યાં. ચંડકૌશિક સર્પ પ્રભુને પગમાં ડંશ મારી પ્રભુને ડરાવવાનો યાવત્ મારી નાંખવાનો પ્રયત્ન કર્યો. પણ પ્રભુના પગમાંથી તો એણે દુધની ધારા નીકળતી જોઈ એ આશ્ચર્યમાં પડી ગયો. તેણે પ્રભુની કરુણામય, તેજસ્વી અને પ્રેમ સ્વરૂપ સૌમ્યમૂર્તિ તરફ નજર માંડતા તેનો અંતર આત્મા જાગી ઉઠ્યો. નત મસ્તક રાખી પ્રભુને શરણે ગયો. અને પ્રભુના "બુજ્ઝ બુજ્ઝ" શબ્દોથી જાગૃત થતાં તે સદ્ગતિને મેળવી ગયો. પ્રભુની સાધક દશામાં એમને જુદાં જુદાં ઘણાં ઘણાં કષ્ટો આવ્યાં, મરણાંત ઉપસર્ગો આવ્યાં, છતાં પ્રભુ મહાવીરના સદાય શાંત અને તેજસ્વી મુખમુદ્રા રહેતી હતી. એમના અંતરની એજ શુદ્ધ પ્રસન્નતા હતી. આથી સ્પષ્ટ થાય છે કે પ્રભુ મહાવીર એ કેવળ માનવી, વ્યક્તિ કે રાજકુમાર નહોતા પણ તે તો મહામાનવ અને લોકોત્તર પુરુષ હતા. કરુણાના અવતાર હતા.

પોતાની ઉગ્ર તપશ્ચર્યાવડે અને સંયમની સાધના વડે એ મહામાનવે પ્રબળ વાસનાઓ ઉપર વિજય મેળવ્યો હતો. પોતાના સમગ્ર જીવનને વિશ્વમૈત્રી ભાવમાં સમર્પિત કરી સર્વ જીવો પ્રત્યે એમણે પ્રેમરસ વરસાવ્યો હતો. વિશુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપવડે પોતાના જીવનને મહા સંયમી અને આદર્શ બનાવ્યું હતું. બાર બાર વર્ષની એ અવિરત સાધના કષ્ટોની પરંપરા છતાં એજ સૌમ્ય એજ પ્રસન્નતા. સાધનાની સિદ્ધિના અન્તે એ દિવ્યજ્ઞાન પામ્યા. આ દેશમાં વિચરી અહિંસા, સત્ય અને ધર્મમાર્ગનો વિવિધરૂપે પ્રચાર કર્યો. લોકોને સંસારની સાચી સ્થિતિનું ભાન કરાવી અજ્ઞાન અને જડતા દૂર કર્યાં. લોકો પોતે પોતાની રીતે સમજી શકે એવી લોકભાષામાં બોધ આપી તેઓની જ્ઞાનચેતનાને જાગૃત કરી. એ મહાત્યાગ મૂર્તિએ અનુકંપાથી દિવ્યપ્રેમથી સંસારાસક્ત જીવોને સાચો માર્ગ દેખાડ્યો. માનવ માનવ વચ્ચેના અને જાતિ જાતિ વચ્ચેના ભેદો ખોટાં છે તેમ સમજાવ્યું. સહુ જીવો કર્માધીન છે. અને કર્મથીજ તે ઉંચ ને નીચ કહેવાય છે. બાકી આત્મા તો સહુનો છે એવો ભાવ સહુમાં પ્રગટાવ્યો. માનવીની માનવી તરીકે પ્રતિષ્ઠા સ્થાપન કરી, એમની આત્મોન્નતિનો અભિનવ માર્ગ એમણે સાધ્યો. એ પ્રભુ મહાવીર પુરુષમાં પુરુષોત્તમ બન્યા, માનવમાં માનવશ્રેષ્ઠ બન્યાં, માનવતાના એક એક સોપાન ચડતાં ચડતાં એ અન્તે પ્રભુતાને વર્યાં અને એમણે ઉપર જણાવ્યો તે સન્માર્ગ બતાવ્યો.

એવા એ ક્ષમાના મહાસાગર, કરુણા સમુદ્ર ભગવાન મહાવીરને વંદન કરીએ. અને એમના માર્ગે ચાલવાનો આજે તેમના મંગલમય જન્મદિને સંકલ્પ કરીએ.

---

મહાવીર જયંતિ અંક માટે આ લેખ તૈયાર કરવામાં આવ્યો હતો. પણ મોડો પડતાં તેમાં તે લઇ શકાયો ન હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિધિના લેખ

લે. **શ્રી મનસુખલાલ તા. મહેતા**

સમ્રાટ અશોકનું નામ ભારતમાં થઈ ગયેલા મહાન રાજવીઓમાં સુપ્રસિદ્ધ છે. ઇતિહાસમાં તે મહારાજા અશોક, ધર્મઅશોક તેમજ દેવાનાંપ્રિય મહારાજા પ્રિયદર્શી તરીકે પણ ઓળખાય છે.

અશોક જ્યારે વિદિશામાં હતો ત્યારે તેના લગ્ન ત્યાંના એક જૈન શ્રેષ્ઠિની કન્યા પદ્માવતી સાથે થયા હતા. અશોકનો પ્રથમ પુત્ર કુણાલ આ પદ્માવતીનો બાળક હતો, પણ કુણાલના જન્મબાદ પદ્માવતીનું મૃત્યુ થયું. તે પછી, અશોકે બીજાં લગ્ન મગધની એક બૌદ્ધ ધર્મની અતિસ્વરૂપવાન કન્યા તિષ્યરક્ષિતા સાથે કર્યાં. તિષ્યરક્ષિતા અનહદ રૂપાળી રમણી હતી, પણ અતિ કામાસક્ત અને સત્તાની ભારે શોખીન હતી. અશોક અને તિષ્યરક્ષિતાની ઉંમર વચ્ચે સારો એવો તફાવત હતો. અશોક શ્યામરંગી અને જરા કુરૂપ હતો ત્યારે તિષ્યરક્ષિતા અતિસ્વરૂપવાન હતી. આમ વય અને રૂપ બંનેની દૃષ્ટિએ અશોક અને તિષ્યરક્ષિતાનું લગ્ન એક પ્રકારનું કજોડું હતું.

યુવરાજ કુણાલ એ વખતે યુવાન હતો. તેના શરીરની કાંતિ અને રૂપ અનોખા હતા. તે કામદેવ જેવો સૌન્દર્ય સંપન્ન હતો. હિમાલયમાં કુણાલ નામના રાજહંસો થાય છે અને તેના જેવા જ ચક્ષુઓ કુણાલને હતાં તેથી તેનું નામ અશોકે કુણાલ રાખ્યું હતું. અશોકને કુણાલ પર અપાર પ્રેમ હતો. કુણાલમાં જન્મથી જ કુદરતી રીતે સંગીતનું અદ્ભુત જ્ઞાન હતું અને સતાર તેમજ અન્ય વાજીંત્રો પર તેનો અજબ કાબૂ હતો. લોકો અને રાજકુટુંબના માણસો કુણાલનું સંગીત સાંભળતા ભાન ભૂલી જતાં અને આનંદથી ડોલી ઉઠતાં. કુણાલના લગ્ન અવંતીના વિદિશાનગરના એક વણિક નગરશેઠની ધર્મપરાયણ પુત્રી કંચનમાળા સાથે થયા હતા. આ લગ્નથી તેને જે પુત્ર પ્રાપ્ત થયો તે ઇતિહાસમાં સંપ્રતિ નામે સુપ્રસિદ્ધ છે. આજે પણ સંપ્રતિ રાજાએ ભરાવેલી અનેક પ્રતિમાઓ જોવામાં આવે છે. આ રાજાએ જેટલાં મંદિરો બંધાવ્યાં છે અને પ્રતિમાઓ ભરાવેલી છે, તેટલાં મંદિરો અને પ્રતિમાઓ અન્ય કોઈ રાજવીએ કરાવેલાં હોય તેવું ઇતિહાસમાં જોવામાં નથી આવતું.

કુણાલ જેવો સ્વરૂપવાન અને મોહક હતો તેવી જ તેની પ્રકૃતિ કોમળ અને સરલ હતી. તેની માતાના ગુણો તેનામાં ઉતર્યાં હતાં એટલે જૈનત્વ તેને વારસાગત મળ્યું હતું. જેવું તેનું અદ્ભુત રૂપ હતું તેવું જ નિર્મળ તેનું ચારિત્ર હતું. રૂપ અને શીલનો સમન્વય માનવમાં જવલ્લે જ જોવામાં આવે છે. કુણાલમાં એ બંને હતા. અશોકની નવી રાણી તિષ્યરક્ષિતા રૂપમાં અજોડ છતાં ચારિત્રહીન હતી. સૌન્દર્ય અને શીલની પ્રાપ્તિ શ્રેષ્ઠ હોવા છતાં માનવીના માટે ઘણીવાર આ લબ્ધિ આશીર્વાદરૂપ બનવાને બદલે શાપરૂપ થઈ જાય છે. લોહચુંબક લોઢાને આકર્ષી પોતાની તરફ ખેંચી લે છે તેમ તિષ્યરક્ષિતાની કામુકવૃત્તિએ કુણાલને પોતા તરફ ખેંચવા અનેક પ્રયત્નો કર્યાં, પણ કુણાલ તો અતિ પવિત્ર અને દૃઢ મનોબળવાળો માનવી હતો, એટલે તિષ્યરક્ષિતાની જાળમાં ન ફસાયો. યુવાનીથી ઉછળતી નારી અને વર્ષાની પહેલી હેલીથી ઉભરાતી નદીથી દૂર જ રહેવું જોઈએ, તે વાત કુણાલ સમજતો હતો. કુણાલે જોયું કે મલિન વિચાર, મલિન માનસ અને મલિન વૃત્તિને શમ, દમ અને તપના માર્ગે શુદ્ધ કરવાને બદલે તિષ્યરક્ષિતા ખુલ્લી રીતે તેની અધમ વાસનાની તૃપ્તિ માટેના પ્રયત્નોમાં આગળ અને આગળ જ વધતી રહી છે. શીલનો વિનાશ કરવામાં કાંઈ મહેનત કે કષ્ટ પડતાં નથી, પણ તાત્કાલિક તો એવી ક્રિયામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનંદ અનુભવાય છે. પરન્તુ આવો આનંદ ક્ષણિક હોય છે અને તેના અંતે માનવી સત્ત્વહીન બની જાય છે અને તેનું જીવન બરબાદ થાય છે. શીલનો વિકાસ કરવો એ દુષ્કર છે કારણ કે તેમાં સંઘર્ષનો સામનો કરી ચિત્તની દુષ્ટ અને અધમવૃત્તિઓ સાથે યુદ્ધ કરવું પડે છે. આ પરિસ્થિતિમાંથી બચવા માટે કુણાલ તેની પત્ની સાથે વિદિશા ચાલી ગયો.

કુણાલના આમ ચાલી જવાથી તિષ્યરક્ષિતા હતાશ થઈ, પણ અવિચારી માનવીને હતાશા મોટા ભાગે દુરાચાર અને અત્યાચાર તરફ ધસડી જાય છે. વિષય-વાસનાની તૃપ્તિ બાબતમાં માનભંગ થયેલી નારીની ક્રૂરતા ઘણી વખત છંછેડાયેલી નાગણ અને વિફરેલી વાઘણ કરતાં પણ વધી જાય છે. તિષ્યરક્ષિતા પોતાના અધમ પ્રયત્નોમાં ન ફાવી શકી એટલે કુણાલ પર એક યા બીજે રસ્તે વેર લેવાનો માર્ગ શોધી રહી હતી. કુણાલના ચક્ષુઓ પર તે મોહી પડી હતી, એટલે છેવટે સજીવ નહિ તો એનાં નિર્જીવ ચક્ષુઓ લઈને જ તેણે ક્રોધાગ્નિ શાંત કર્યો.

કુણાલના જન્મદિન પ્રસંગે વિદિશા રહેતા પોતાના પ્રિય પુત્ર પર અશોકે અભિનંદન પત્ર પાઠવ્યો અને પત્રને અંતે કુમારો અધીયતુ અર્થાત્ કુમાર અધ્યયન કરો એમ લખ્યું. પોતાના થયેલા માનભંગનું વેર લેવા તલસતી તિષ્યરક્ષિતાના હાથમાં તે પત્ર આવ્યો એટલે અશોકની જાણ બહાર તેણે અધીયતુ શબ્દના અ પર એક અનુસ્વાર ઉમેરી કુમારો અંધીયતુ અર્થાત્ કુમાર અંધ બનો એમ કરી નાખ્યું. રાજાની મહોર સાથેનો એ પત્ર કુણાલને રાજસભામાં મળ્યો. કુણાલે મંત્રીઓને પત્ર વંચાવ્યો અને રાજાની આજ્ઞા મુજબ તરત જ કટારવડે પોતાની અપર માતાને ખૂંચતી આંખો કાઢી આપી. મંત્રીઓએ તેને આવું પગલું ભરતાં અટકાવવા ભારે કોશિષ કરી પણ કુણાલે કહ્યું: "હું મૌર્યકુલનો રાજકુમાર છું. એટલે મારા માટે વડીલની આજ્ઞાનો ભંગ એ મૃત્યુ કરતાં પણ વધુ બદતર છે.'

કુણાલ સ્વેચ્છાપૂર્વક અંધાપો વહોરી લઈ તીર્થ-ક્ષેત્રોમાં ચાલી ગયો. અશોકની ઇચ્છા તેને સમ્રાટ બનાવવાની હતી પણ હવે તે અશક્ય બન્યું. તિષ્યરક્ષિતા-ને આ વાતની ખબર પડતાં મનમાં રાજી થઈ પણ બહારથી દંભી અશ્રુપાત કરવામાં કચાશ ન રાખી. સ્ત્રીઓને તો પાંપણે પાણી એટલે તેઓ ઇચ્છે ત્યારે ચક્ષુમાંથી વર્ષા વરસાવી શકે અને ભોળા માનવીને મૂર્ખ બનાવી શકે. અશોકને સત્ય વાતની જાણ થતાં તેને ભારે આઘાત થયો અને તિષ્યરક્ષિતાના કાવત્રાને જાણી ગયો. તિષ્યરક્ષિતાના આ કાવત્રામાં અશોકના અનેક બૌદ્ધધર્મી મંત્રીઓ પણ સામેલ હતા. કુણાલ જૈન ધર્મનો અનુયાયી હોવાથી તેઓ સૌની ઇચ્છા તેનો રાજ્યહક્ક ડુબાડી તિષ્યરક્ષિતાના પુત્રને અશોકનો વારસદાર બનાવવાનો હતો. પરન્તુ અસત્યનું આયુષ્ય અલ્પ હોય છે, અને વિધિનાં લેખ કદી મિથ્યા થતા નથી. અશોકે આ કાવત્રામાં જે જે મંત્રીઓ સામેલ હતા તેને તેમજ તિષ્યરક્ષિતાને સખત શિક્ષા કરી અને પછી પોતાનાં પાપકૃત્ય માટે પશ્ચાત્તાપ કરતાં કરતાં આપઘાત કરી અશોકની રાજરાણી તિષ્યરક્ષિતા મૃત્યુને શરણ થઈ.

એક વખત અશોકે મોટા સૈન્ય સાથે કલિંગ દેશ પર હુમલો કર્યો અને ત્યાંની બહાદુર પ્રજાએ અશોકની સામે જીવન મરણનો સંગ્રામ ખેલ્યો. બંને પક્ષે લાખો માણસોનો સંહાર થયો. એ સમયે મહાશ્રમણ ઉપગુપ્ત આવી ચઢયાં. યુદ્ધમાં અશોકનો વિજય થયો પણ યુદ્ધથી પ્રજાની કેવી ખાનાખરાબી, હેરાનગતિ અને બરબાદી થાય છે તેનો તાદૃશ ચિતાર મહાશ્રમણે અશોકને બતાવ્યો અને અશોકનાં માનસમાં પરિવર્તન થયું. તેણે બંને પક્ષના ઘવાયેલાં સૈનિકો માટે રુગ્ણાલય શિબિરો બંધાવી. વૈદ્યોને ઘાયલોની સારવાર માટે રોક્યા અને અનેક ધર્મવાણીઓ શિલાલેખો પર કોતરાવી સમગ્ર દેશમાં જીવદયા અને માનવતા જગાવવા આદેશો આપ્યા. અશોકનું મન વૈરાગ્યથી રંગાયું અને તેના જીવનમાં મહાપરિવર્તન થયું.

કુણાલ માટે અશોકે ઘણી શોધ કરી છતાં તેનો



For Private And Personal Use Only

પત્તો ન લાગ્યો. કુણાલ અને તેની પત્ની તીર્થસ્થાનોમાં ફરી ભગવાનનાં ભજનો દ્વારા પોતાનો જીવનનિર્વાહ ચલાવતાં. કુણાલને ત્યાં પુત્ર જન્મ થયો ત્યારે તેને વિચાર આવ્યો કે જો તે સામ્રાજ્યનો વારસદાર હોત તો તેના પિતા અશોક આ બાળકનો જન્મ–ઉત્સવ કેવી ભવ્ય રીતે ઉજવત !

એક વખત કુણાલ મધુર અવાજે એક ભજન ગાઈ રહ્યો હતો. પાસે જ તેની પત્ની નાના બાળકને ખોળામાં લઈ બેઠી હતી. નજીકના તંબુમાં સમ્રાટ અશોક ધર્મગુરુ સાથે ધર્મચર્ચા કરી રહ્યા હતા. ભજન સાંભળતાં સાંભળતાં બન્નેનાં મન ડોલી ઉઠ્યાં. ભજન પૂરું થતાં તરત જ બન્ને બહાર નીકળ્યાં. વરસો પછી પ્રથમ વખત જ અંધ કુણાલને અશોકે જોયો એટલે પ્રથમ તો તે તેને ન ઓળખી શક્યો, પણ પુત્રવધૂને જોઈ પુત્રની ઓળખાણ પડી અને તેનું હૃદય દ્રવી ઊઠ્યું. એકદમ દોડીને કુણાલને પોતાની બાથમાં લઈ અશોકે કહ્યું : ' મારા વહાલા કુણાલ ! તને આ દશામાં જોઈને મારા હૃદયના ટુકડેટુકડા થઈ જાય છે. ' પિતા અને પુત્રના આનંદનો પાર ન રહ્યો. પુત્રવધૂએ અશોકના હાથમાં બાળક આપતાં કહ્યું : ' પિતાજી ! આ તમારો પૌત્ર સંપ્રતિ હવે આજથી તમારે સ્વાધીન થાય છે.

સંપ્રતિને પ્રેમપૂર્વક પોતાના હાથમાં લઈ અશોકે કહ્યું : ' સંપ્રતિ માત્ર મારો પૌત્ર નથી, એ તો મારો સાચો વારસદાર અને મારાં સામ્રાજ્યનો સંપૂર્ણ અધિકારી છે. '

અશોક પછી પાટલીપુત્રના સિંહાસને સંપ્રતિ આવ્યો. ભાવિનાં લેખ કદી મિથ્યા થતાં નથી. માનવી ગમે તેટલાં ફાંફાં મારે પણ ભાવિમાં જે બનવાનું નિર્માણ થયેલું હોય છે તેમાં કોઈ જરા પણ ફેરફાર કરી શકતું નથી.

ત્રણ ખંડનાં ભોક્તા આ પ્રતાપી સંપ્રતિ રાજાએ સવાલાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં, સવા કરોડ જિન-પ્રતિમાઓ ભરાવી અને છત્રીસ હજાર જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સ્થૂલ દૃષ્ટિએ સમ્રાટ સંપ્રતિના દેહનો ભલે નાશ થયો, પણ તેના શુભ અને પવિત્ર કાર્યો દ્વારા તે હંમેશાં જીવન્ત જ છે. કોઈએ સાચું જ કહ્યું છે કે नास्ति तेषां यशःकाये जरामरणजं भयं અર્થાત્ આવા પુણ્યાત્માઓની યશઃકાયને જરા અને મૃત્યુનો ભય હોતો નથી. ગિરનાર અને શત્રુંજયના તીર્થ પર આજે પણ સંપ્રતિ રાજાના જૈનમંદિરો વિદ્યમાન છે.

---

**ભેટ :– શેઠશ્રી દેવચંદ લાલભાઈ તરફથી સભાને અગીયાર પુસ્તકો ભેટ મળેલ છે. હ. કેશરીચંદભાઈ હીરાચંદ સુરત. તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ.**

---

## ખાસ વિજ્ઞપ્તિ

**આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.**

卐

---


## ભાડે આપવાનું છે.

**ભાવનગર ખારગેટ–દાણાપીઠની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઈઓએ નીચેના સ્થળે મળવું.**

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુણ્યનો પ્રભાવ: ધર્મકથા

લે. શ્રી કનૈયાલાલ વાઘાણી

એક ધર્માત્માનો સ્વર્ગવાસ થયો. ધર્મરાજાએ તેના દૂતોને આ ધર્માત્માને સ્વર્ગલોકમાં લઈ આવવા હુકમ કર્યો. હુકમ કરતી વખતે ધર્મરાજાએ તેના દૂતોને સૂચના આપી. " એ ધર્માત્માએ એના જીવનમાં એક ભૂલ કરી છે તે માટે તેને એક ક્ષણ નર્કમાં રાખીને પછી સ્વર્ગલોકમાં લાવવા. "

ધર્મરાજાના દૂતો એ ધર્માત્માને પ્રથમ નર્કલોકમાં લઈ ગયા. નર્કલોકમાં આવતાની સાથે આ ધર્માત્માએ ધર્મરાજાના દૂતોને પૂછ્યું, "અહીં આ સર્વ જીવો કેમ આક્રંદ કરી રહ્યા છે ? "

ધર્માત્મા ! આ નર્કલોકમાં બધા પાપી જીવો વસે છે, તેઓ કરેલા પાપ ભોગવી રહ્યા છે.

પરન્તુ હમણા તેઓનું આક્રંદ કેમ બંધ રહી ગયું ?

નર્કલોકમાં આપ જેવા પુણ્યાત્મા પધારતા આપના પુણ્ય પ્રભાવે તેઓને શાંતિ મળી છે.

ધર્માત્મા પાસે નર્કલોકના જીવો આવી પહોંચ્યા અને તેના પાસે પ્રાર્થના કરીને કહ્યું કે હે ધર્માત્મન્ ! આપના શુભાગમનથી અમો સૌ જીવોને શાંતિ મળી છે. આપ અમારી પાસે અહિં રહી અમને શાંતિ આપી ન શકો ? આપ અમારા ઉપર દયા કરો અને અહિંજ રહો.

હે જીવો ! મારા અહિં વસવાટથી આપ સૌને શાંતિ થતી હોય તો હું અહિં રહીશ. આપ સૌને જો હું શાંતિ આપી શકું તો મારૂં સદ્‌ભાગ્ય સમજીશ.

ધર્મરાજાના દૂતો મુંઝવણમાં પડી ગયા. ધર્માત્મા જીવને નર્કમાં રહેવા કેમ દેવાય ! ધર્મરાજાના હુકમનો અનાદર કેમ થઈ શકે ?

ધર્માત્માએ તો નર્કમાં રહેવાનો નિશ્ચય કર્યો.

ધર્મરાજના દૂતો તેને બળજબરીથી લઈ શકે તેમ પણ ન હતું.

ધર્મરાજાના દૂતો ધર્મરાજા પાસે ગયા અને બધી હકીકત કહી.

આ બીનાથી ધર્મરાજ પણ મુંઝવણમાં પડી ગયા. એક ધર્માત્માને નર્કલોકમાં રાખી પણ કેમ શકાય ?

ધર્મરાજા અને ઇન્દ્રાદિ દેવો નર્કલોકમાં આવ્યા. ધર્મરાજા અને ઇન્દ્રાદિ દેવોને નર્કલોકમાં ધક્કો ખાવો પડ્યો એ કેવી વિચિત્ર ઘટના બની.

ધર્મરાજાએ ધર્માત્માને સ્વર્ગલોકમાં આવવા ખૂબ સમજાવ્યા પરન્તુ ધર્માત્માએ સ્વર્ગલોકમાં જવા ના પાડી દીધી.

આપના જેવા ધર્માત્માને નર્કમાં કેમ રાખી શકાય ? આપનું પુણ્ય અપાર છે.

હે ધર્મરાજ ! હું મારૂં સર્વ પુણ્ય આ નર્કલોકના જીવાત્માઓને અર્પણ કરૂં છું. ધર્માત્માએ સંકલ્પ કર્યો.

ધર્મરાજ ! હવે તો મારી પાસે પુણ્ય રહ્યું નથી ને ! હવે તો નર્કલોકમાં રહેવાનો મને અધિકાર છે ને ! આ પુણ્યના પ્રભાવે આપ આ નારકી જીવોને સ્વર્ગમાં લઈ જાઓ અને મને અહીં નર્કમાં રહેવા દો.

હે મહાપુરૂષ ! આપનું પુણ્ય તો હવે અધિક થયું છે. આપે આ જીવોને પુણ્ય અર્પણ કર્યું છે એટલે આપનું પુણ્ય વધ્યું છે. આપ જેવા પુણ્યશાળી જીવને અહિં નર્કમાં કેમ રાખી શકાય ! આપના પુણ્ય પ્રભાવે આ નારકી જીવોને પણ સ્વર્ગલોકમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત થયો છે. આ જીવો સાથે આપ સ્વર્ગલોકમાં પધારો.

એક પુણ્યાત્માના પુણ્યપ્રભાવે અનેક નારકી જીવોનો ઉદ્ધાર થઈ ગયો.

પુણ્યનો પ્રભાવ મહાન છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# उपयोगो लक्षणम्

લેખક : શ્રી ચતુર્ભુજ જેચંદ શાહ

ભગવાન ઉમાસ્વાતિ પ્રણીત તત્ત્વાર્થસૂત્રના કેટલાક સૂત્રો અતિશય ગંભીર અર્થપૂર્ણ છે. **सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः** તથા **तत्त्वार्थश्रद्धानं सम्यग् दर्शनम्** એ બે સૂત્રો તત્ત્વાર્થસૂત્રગ્રંથના સમગ્ર દોહન સારરૂપ સૂત્રો છે. તે ઉપર આ લેખકે 'જૈન ધર્મ પ્રકાશ' માસિકમાં સં. ૨૦૨૧ પોષ–મહાના અંકથી સં. ૨૦૨૨ માગશર માસના અંકમાં "સમકિત અંગે તાત્ત્વિક વિચારણા" શીર્ષક ૭ લેખો છપેલ છે, તે પછી તાત્ત્વિક દૃષ્ટિએ ખાસ સમજવા જેવા જીવના મૂળભૂત સ્વભાવ **उपयोगो लक्षणम्** અધ્યાય ૨ સૂત્ર ૮ ઉપર અહીં કેટલુંક વિવેચન કરવામાં આવે છે.

જીવાદિ પંદર અથવા સાત તત્ત્વોનો સંક્ષેપમાં જીવ અજીવ એ બે તત્ત્વોમાં સમાવેશ થઈ શકે છે. તેમાં જીવ તત્ત્વને બીજા અજીવ તત્ત્વથી જુદું પાડનાર અને જે કારણે જ જીવ સજીવ ચૈતન્યરૂપે ઓળખી શકાય છે તે અસાધારણ લક્ષણ **ઉપયોગ** છે. ઉપયોગ એટલે જીવનું આત્મતત્ત્વ જનિત ચૈતન્યમય સ્વરૂપ, જીવાત્માની ચેતના બોધરૂપ વ્યાપાર જીવન પ્રવૃત્તિ. સર્વજ્ઞ ભગવંતોથી જે પ્રત્યક્ષ જોઈ શકાય તેવા સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવોમાં જે જીવો, એક ટાંચણીના ટપકા જેટલા ક્ષેત્ર પ્રદેશમાં અનંતાનંત સંખ્યામાં પરસ્પર ગાઢ સંલીન સ્થિતિમાં રહે છે અને હાલના ગમે તેવા સૂક્ષ્મદર્શક યંત્રથી પણ જોઈ શકાતા નથી તેવા Virus સૂક્ષ્મ જીવાણુ કરતાં પણ અતિ સૂક્ષ્મ જીવો. તે ઉપયોગરૂપ વ્યાપાર ચૈતન્ય રહેલ છે. તે ચૈતન્ય એટલે જીવાત્માનું આત્મબળથી પ્રભાવિત સૂક્ષ્મ અને સ્થૂલ પ્રવૃત્તિમય સ્વરૂપ. સૂક્ષ્મ કે બાદર નાના કે મોટા કોઈપણ જીવમાં રહેલ આત્મા દેહવ્યાપી છતાં અરૂપી છે. દરેક જીવમાં રહેલ આત્માને ફક્ત સર્વજ્ઞ કેવળી ભગવંતો જ જોઈ શકે છે. ગમે તેવા ચૌદ પૂર્વધર જ્ઞાની પુરૂષ પણ જીવમાં રહેલ આત્માને પ્રત્યક્ષ જોઈ શકતા નથી, પણ જીવના ચૈતન્યભાવને ઉપયોગરૂપ લક્ષણને જ જોઈ શકે છે. વીજળીના તારમાં સતત વહેતો વીજળીનો પ્રવાહ સ્થૂલ તેજસકાય પુદ્ગલોનો બનેલ છે છતાં તે આપણને ચર્મચક્ષુથી દેખાતો નથી; પણ વીજળીથી ઉત્પન્ન થતા શક્તિબળ પ્રકાશ સ્પર્શથી અનુભવી શકાય છે. તેમ જીવનો ચૈતન્ય સ્વરૂપ આત્મા ફક્ત કેવળી ભગવંતોને પ્રત્યક્ષ છે; તે સિવાય બીજાઓ તેને સ્વસંવેદન, ઉપયોગ, અનુમાનથી સમજી જોઈ શકે છે પણ પ્રત્યક્ષ જોઈ શકતા નથી. સંસારી અવસ્થામાં રહેલ કર્મબદ્ધ આત્માને તેમજ સિદ્ધદશામાં રહેલ કોઈપણ જાતના પુદ્ગલ તથા કર્મ રહિત શુદ્ધ મુક્ત આત્માને ફક્ત કેવળી ભગવંતો સર્વજ્ઞો જ જોઈ શકે છે. બીજા ગમે તેવા ચૌદ પૂર્વધર જ્ઞાની પુરૂષો પણ જીવમાં રહેલ આત્મતત્ત્વને શ્રદ્ધાબળથી જ જોઈ શકે છે અને તેના ચૈતન્યમય ઉપયોગ પ્રવૃત્તિ દ્વારા જાણી શકે છે.

સંસારી જીવ માત્રને ગમે તેવું સૂક્ષ્મ અથવા બાદર સ્થૂલ શરીર અવશ્ય હોય છે. શરીર સિવાય સંસારી જીવનું જીવન ધારણ થઈ શકતું નથી. ઇચ્છા હોય કે ન હોય પણ સંસારી દરેક જીવને પોતાનું જ કર્મ જનિત શરીર હોય છે જ, અને શરીર હોય ત્યાં મન–વચન–કાયાની સ્થૂલ અથવા સૂક્ષ્મ વ્યાપાર પ્રવૃત્તિ હોય જ. મન અતીન્દ્રિય અને બીજા પુદ્ગલો કરતા ઘણું સૂક્ષ્મ છતાં તે શરીરનો જ એક પ્રકારના પૌદ્ગલિક કર્મ વર્ગણાનો ભાગ છે. જીવાત્માની મન–વચન–કાયારૂપ પ્રવૃત્તિ એજ તેનો ઉપયોગ ચૈતન્યરૂપ વ્યાપાર છે. સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવોમાં તે ઉપયોગ અત્યંત ગાઢ જડ મિથ્યાત્વ વાસિત અશુદ્ધ ઘોર અજ્ઞાનયુક્ત હોય છે. છતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંતકાળ ભવભ્રમણ પછી જીવાત્મા ધીમે ધીમે આત્માના ચૈતન્ય ગુણથી પ્રભાવિત વિકસિત થતો થતો શુદ્ધ ઉપયોગ અધ્યવસાય દ્વારા આત્મસ્વરૂપ દર્શક સમકિત પ્રાપ્ત કરે છે. તે પછી ધીમે ધીમે વિકસતા સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર બળથી સંપૂર્ણ પ્રભાવિત થઈ કર્મ મુક્ત થાય છે અને શુદ્ધ આત્મદશા, સિદ્ધત્વ પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. તે સર્વ ભવ્ય જીવમાં રહેલ મૂળભૂત આત્મ તત્ત્વ અને તેના ચૈતન્યમય શુદ્ધ ઉપયોગ વિકાસનું અંતિમ પરિણામ છે.

જીવમાંથી આત્મસ્વરૂપી ચૈતન્ય તત્ત્વ ચાલી જાય તો તે જીવનું શરીર મૃત જડ બની જાય છે. તેનામાં મન વચન કાયાની કોઈજ પ્રવૃત્તિ રહેતી નથી. મરવા પડેલા ગમે તે પ્રાણી કે જીવમાં ચૈતન્ય હોય ત્યાંસુધીજ થોડી પણ સ્થૂલ કે સૂક્ષ્મ શારીરિક ક્રિયા ચાલે છે. શરીરમાંથી ચૈતન્ય ચાલી ગયા પછી જીવનની બધી ક્રિયા વ્યાપાર ઉપયોગ તદ્દન બંધ પડે છે. મૃત શરીરની બાળવા દાટવા કાપવા વિગેરે ગમે તે વ્યવસ્થા કરવામાં આવે તો પણ જીવંત શરીરના જેને કાંઈપણ વેદના તરફડાટ થતાં નથી. કારણ આત્મા ચાલી જતાં મૃત શરીરમાં કાંઈપણ ચેતના જ્ઞાન ઉપયોગ રહેતા નથી. આત્મ રહિત શરીર ગમે તેવું નાનું કે મોટા પુદ્ગળ સ્કંધોનું બનેલ પહાડ જેવું મોટું હોય તો પણ તેમાં આત્મા-ચૈતન્યના અભાવે કાંઈપણ ઉપયોગ પ્રવૃત્તિ જ્ઞાનપૂર્વક સ્વેચ્છાપૂર્વક ચાલતા નથી. તેનો જ્ઞાનપૂર્વક કાંઈપણ વિકાસ થતો નથી. ચૈતન્ય રહિત જડ પુદ્ગલ પદાર્થોના ગમે તેવા સંયોગ વિયોગ થવા છતાં તેમાં સ્વેચ્છાપૂર્વક કાંઈજ થતું નથી. કારણ સ્વેચ્છા-ઇચ્છાના કર્તા આત્માનોજ તેમાં અભાવ છે. સંયોગ પ્રમાણે જડ પુદ્ગલ પદાર્થોના પર્યાયો રૂપ રંગ રસ આકાર સ્થાન ગમે તેટલા બદલાયા કરે, શુભ અશુભ દેખાતા ગમે તેવા આકારો ધારણ કરે, પણ તેનામાં આત્મ-જનિત ચૈતન્યના અભાવે કાંઈજ જ્ઞાન સમજણ હોતા નથી, ગમે તેવા સંયોગ વિયોગ છતાં સુખદુઃખ અનુભવાતા નથી. જડ પુદ્ગળ પદાર્થો સદા પર્યાયશીલ પરિણમનશીલ હોય છે અને સંયોગ વિયોગ માટે સદા પરાધીન હોય છે. અજ્ઞાન જડતા અસ્થિરતા એ અજીવ એવા પુદ્ગલ તત્ત્વનો સ્વભાવ છે. જીવાત્માને જ્યાંસુધી અજીવ એવું જડ પુદ્ગલ તત્ત્વ-કર્મ વળગેલું છે, જીવ જ્યાંસુધી કર્મપ્રભાવિત પુદ્ગળ-સંગી પુદ્ગળાનન્દિ મોહવાસિત હોય છે ત્યાં સુધી તે કદી સંસારમુક્ત સિદ્ધ થતો નથી. જીવાત્મા ભલે નિગોદ અવસ્થામાં મૂઢ જડ જેવો રહેવા છતાં પોતાનામાં રહેલ મૂળભૂત આત્મચૈતન્યના પ્રભાવે અનંત કાળ પછી પણ ધીમે ધીમે જ્ઞાનદર્શન યુક્ત મન વચન કાયાના શુદ્ધ ઉપયોગ દ્વારા, ઉપશમ વિવેક સંવર ભાવનાથી, ક્ષમાદિક દશવિધ યતિધર્મના આરાધન અને અહિંસા સંયમ તપના પાલનથી, ચારિત્ર બળના પ્રભાવથી કેવળજ્ઞાની સર્વજ્ઞ સર્વદર્શી થઈ સંપૂર્ણ કર્મમુક્ત થઈ શકે છે. અને અનંત જ્ઞાનદર્શન ચારિત્ર યુક્ત સમભાવસ્થિત, સ્વભાવસિદ્ધ દશામાં શાશ્વત કાળ રહે છે. આ ઉપરથી ભવ્ય જીવમાં રહેલ આત્મસ્વરૂપ ચૈતન્યમય બોધરૂપ વ્યાપાર ધીમે ધીમે પણ કેવું સુંદર શાશ્વત સુખદાયી પરિણામ લાવે છે તે ધાર્મિક ભાવનામાં ઊંડા ઉતરેલા અભ્યાસી વિવેકી પુરુષ સહેલાઈથી સમજી શકશે.

પણ હાલમાં કેવળજ્ઞાન અથવા સર્વજ્ઞત્વ પ્રાપ્તિ વિષે કેટલાક વિદ્વાનો શંકા ઉઠાવે છે. વિચિત્રતા તો એ છે કે જૈન દર્શનની કેવળજ્ઞાન, સર્વજ્ઞતા પ્રાપ્તિ, મોક્ષ જેવી પાયાની જીવનના અંતિમ આદર્શરૂપ મૂળભૂત માન્યતામાં કેટલાક પ્રતિષ્ઠિત વિદ્વાન ગણાતા કેટલા જૈન ગૃહસ્થ પંડિતો માનતા નથી. અથવા શંકા ધરાવે છે. તેનું થોડું નિરાકરણ કરવાની, તે વિષે શંકા રહિત થવાની જરૂર છે. તે માટે એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જૈન દર્શન શાસ્ત્રમાં વર્ણવેલ ચૌદ રાજલોકનું વિરાટ સ્વરૂપ, સૂક્ષ્મ તથા બાદર નિગોદના જીવનું અતિ સૂક્ષ્મ સ્વરૂપ, હાલના પ્રચંડ વૈજ્ઞાનિક સાધનો અને પ્રયોગો દ્વારા શોધાયેલ અણુવિજ્ઞાનથી પણ જૈનદર્શન શાસ્ત્રમાં વર્ણવાયેલ પરમાણુ પુદ્ગળનું વધારે સૂક્ષ્મ સ્વરૂપ વગેરે જૈનદર્શન શાસ્ત્રોની સરખામણીમાં અન્ય કોઈ દર્શન શાસ્ત્રમાં એકસોમાં ભાગે. પણ જોવા મળતું નથી. જૈનદર્શનના કર્મ વિષયક ગ્રંથોમાં જે ઊંડાણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિગત વિસ્તાર સાથે જીવાત્મા સાથે બંધાતાં જુદી જુદી કર્મવર્ગણાના પુદ્ગલોનું જે વિરલ સૂક્ષ્મ છતાં વિસ્તૃત વર્ણન મળે છે તેનો ઊંડો અભ્યાસ મનન ચિંતન કરવામાં આવે તો તે કેવળજ્ઞાની સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતો અને તેમના પ્રવચન આધારે રચાયેલ આગમ વગેરે શાસ્ત્રો સિવાય બીજા કોઈથી તે શક્ય નથી એ સમજવા સિવાય રહેશે નહિ. જે સમયે હાલના કોઈ વૈજ્ઞાનિક સાધનો શોધખોળ પ્રયોગો નહોતા ત્યારે રચાયેલ જૈનદર્શન શાસ્ત્ર ગ્રંથોમાં ઉપરની બાબત જે સૂક્ષ્મ ઊંડાણભર્યું વિસ્તારપૂર્વક જ્ઞાન જોવા મળે છે અને તેમાંની ઘણીએ બાબતો હાલના વિજ્ઞાન પ્રયોગથી જુદી જુદી રીતે સાબિત થતી જાય છે તે બધું જ્ઞાન આત્મ શુદ્ધિથી પ્રાપ્ત થતા આત્મપ્રત્યક્ષ એવા કેવળજ્ઞાન અને તેથી ઉતરતી કોટિના મનઃપર્યાય જ્ઞાન અને અવધિજ્ઞાન સિવાય શક્ય નથી. ૨૫૦૦ વર્ષ પહેલા સર્વજ્ઞ સર્વદર્શી એવા છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરના પ્રવચનઃ પ્રણીત દ્વાદશાંગિની રચના થઈ. તેમાં સર્વ જીવ અજીવ, ચેતન જડ તત્ત્વના દરેક દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની પ્રરૂપણા થઈ. તે પછી એકાદ સૈકામાં જ કાળબળે શ્રુત જ્ઞાન ધારણ શક્તિમાં ઘણો ઘસારો-હ્રાસ થયો. ચૌદ રાજલોક અને જીવ અજીવ દરેક પદાર્થના વિજ્ઞાનનું અધ્યયન ધરાવતા ચૌદપૂર્વો ધીમે ધીમે એક હજાર વર્ષમાં વિચ્છેદ પામ્યા. બાકીના આગમ ગ્રંથો ઘણા સંક્ષિપ્ત થયા. આગમ જ્ઞાન શ્રુત મુખપરંપરાથી સચવાતું તે સ્મરણ ધારણ શક્તિ ઘણી ઘટી જતા કાળના સર્વભક્ષી મુખમાંથી શ્રુત જ્ઞાનને બચાવવા સૂત્રો લખાવવા શરૂ થયા, તેની કાળાંતરે ત્રણ-ચાર વાચનાઓ થઈ અને ભગવાન મહાવીર પછી એક હજાર જેટલા વરસે ભગવાન દેવર્ધિગણિ ક્ષમા શ્રમણની આગેવાની નીચે ઉપલબ્ધ શ્રુતજ્ઞાન સંગ્રહીત વ્યવસ્થિત થઈ પુસ્તકારૂઢ થયું. તે પહેલાં અને પછી જુદા જુદા પૂર્વોના સારરૂપે પ્રજ્ઞાપના, તત્ત્વાર્થ, પંચ સંગ્રહ કર્મપ્રકૃતિ વગેરે જૈનદાર્શનિક ગ્રંથોની પ્રાચીન પૂર્વાચાર્યોએ રચના કરી. જૈન સંઘને જૈન દર્શન અને ધર્મના આચારનું યથાર્થ જ્ઞાન મળે તે માટે પૂર્વાચાર્યોએ સાધુ જીવનની કઠિનતા ઉપરાંત અનેક વિધ કષ્ટો ભોગવી, જુદા જુદા શાસ્ત્ર ગ્રંથો દ્વારા જૈન સંઘને જે શ્રુત જ્ઞાનનો વારસો આપેલ છે તે એટલો અદ્ભુત વિશાળ ગહન છે કે તે પૂર્વાચાર્યો ભગવંતો પ્રત્યે આપણું મસ્તક ભક્તિભાવ અને ઉપકારવશતાથી સહેજે નમી પડે તેવું છે. તે પૂર્વાચાર્યો મહા સમર્થ વિદ્વાન પંડિતો છતાં તદ્દન નિરભિમાની, નમ્ર વિનયી હતા, શ્રદ્ધાળુ છતાં અતિશય બુદ્ધિશાળી, વિવેકી ગુણાનુરાગી, સત્યાનુરાગી હતા. તે સાથે સ્વપ્રશંસા પ્રશસ્તિ માનપાન સ્પૃહાથી પર હતા. તેમના સમકિત, જ્ઞાનબળ, ચારિત્રબળ ઘણા નિર્મળ વિકસિત દઢ હતા. છેલ્લા ઉપાધ્યાય યશોવિજય પછી તેમની તુલના-સરખામણીમાં મૂકી શકાય તેવા બીજા કોઈ વિદ્વાન આચાર્યાદિ મુનિ મહારાજ કે ગૃહસ્થ પંડિત થયા નથી. છતાં જૈન દર્શન શાસ્ત્રના આગમ ગ્રંથોના પારંગત ઊંડા અભ્યાસી કેટલાક જૈન આચાર્યો તથા સાધુ મુનિ મહારાજો વિદ્યમાન છે. કેટલાક જૈન વિદ્વાન ગૃહસ્થ પંડિતોનો શાસ્ત્ર અભ્યાસ પણ ઘણો ઊંચો છે. જૈન દર્શન અને ધર્મના આચારનો યથાર્થ જ્ઞાન-સમજણ મેળવવા તેમની પાસે અભ્યાસ કરવા જેવો છે. પણ હાલના કેટલાક વિદ્વાન પ્રતિષ્ઠિત જૈન પંડિતો સિવાય કોઈ પ્રાચીન કે અર્વાચીન આચાર્યાદિ કે ગૃહસ્થ પંડિતે કેવળજ્ઞાન અને સર્વજ્ઞપણાની પ્રાપ્તિની શક્યતા વિષે શંકા ઉઠાવી નથી. શ્વેતાંબર કે દિગંબર શાસ્ત્ર પારંગત મહાવાદી તર્કપ્રધાન ન્યાયવિશારદ આચાર્યો વગેરે ઘણા થઈ ગયા છે. પણ તેમાંના કોઈએ જૈન દર્શન શાસ્ત્રના મૂળભૂત પાયા સમકિતના અંતિમ પરિણામ કેવળજ્ઞાન અને મોક્ષ વિષે કદી શંકા ધરાવી નથી. છતાં હાલના કેટલાક વિદ્વાન મનાતા પ્રતિષ્ઠિત જૈન પંડિતો તે વિષે શંકા ધરાવે છે તેના કારણ બાબત પણ થોડો વિચાર કરવો ઉપયોગી થશે.

હાલના જે કેટલાક વિદ્વાન જૈન પંડિતો કેવળજ્ઞાન અને સર્વજ્ઞપણામાં માનતા નથી કે શંકા ધરાવે છે તેનું એક કારણ એ છે કે તેઓ હાલના વિજ્ઞાન અને જ્ઞાનગ્રહણપદ્ધતિના પ્રશંસક છે. તે સાથે તેઓ અન્ય દર્શન શાસ્ત્રોના પણ ઊંડા અભ્યાસી છે. હાલનું વિજ્ઞાન સર્વજ્ઞપ્રણીત નથી કે આત્મપ્રત્યક્ષ નથી. અન્ય કોઈ



For Private And Personal Use Only

દર્શન શાસ્ત્રમાં તેના પ્રણેતા કેવળજ્ઞાની કે સર્વજ્ઞ હોવાનો કોઈએ દાવો કરેલ નથી. અન્ય દર્શનશાસ્ત્રમાં યોગ વિદ્યા અને તેથી પ્રાપ્ત થતાં ચમત્કારી ઋદ્ધિ સિદ્ધિના વર્ણનો છે. પણ કેવળજ્ઞાનથી ચૌદ રાજલોક અલોક અને તેના સર્વ દ્રવ્યભાવ ક્ષેત્ર કાળનું જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેવું જ્ઞાન પ્રાપ્ત થવાનું કોઈ અન્ય દર્શન શાસ્ત્રમાં જોવા મળતું નથી. હાલના વિજ્ઞાનથી કોઈને સર્વજ્ઞત્વ પ્રાપ્ત થાય તે કોઈ વૈજ્ઞાનિક પણ માનતો નથી. અન્ય કોઈ દર્શન શાસ્ત્રમાં સંપૂર્ણ વીતરાગ દશા, કેવળજ્ઞાન, મોક્ષ જે પરસ્પર સંબંધિત છે તે પ્રાપ્ત કરવા યથાર્થ સમજણ આપતું જ્ઞાન નથી. એટલે કેવળજ્ઞાન સર્વજ્ઞત્વ પ્રાપ્તવ્ય નથી, શક્ય નથી અને જૈન દર્શનની તે માટેની માન્યતા શંકાસ્પદ છે તેમ ઘણા આજના પ્રમાણિકપણે પણ તેઓ માનતા થઈ ગયા છે. હાલનું વિજ્ઞાન ભૌતિક પદાર્થોથી સમજણ અને સિદ્ધિમાં ઘણું ચમત્કારીક રીતે વિકસિત થયું છે અને નિત્ય નવા પ્રયોગોથી પદાર્થ વિષયક જ્ઞાનનો વિકાસ થતો જાય છે. છતાં આ વિશ્વરચના વિષે કેટલાક અનુમાનો બાંધવા તર્કો કરવા સિવાય કોઈ નિશ્ચયાત્મક જ્ઞાન કોઈને નથી. બ્રહ્માંડ મંડળ વિશ્વરચનાના રહસ્યો પામવા તો ઘણા દૂર છે પણ આ પૃથ્વીથી દૂરના ગ્રહો તારા મંડળો વગેરે વિષે યથાર્થ જ્ઞાન પામવું પણ ભલભલા વૈજ્ઞાનિકોને અશક્ય લાગે છે. એક ગમે તેવા નાના ક્ષુદ્ર જીવની ઉત્પત્તિનું મૂળ રહસ્ય કોઈ શોધી શક્યું નથી. જીવમાં રહેલ મૂળ આત્મા વિષે હાલના વૈજ્ઞાનિકો તદ્દન અજ્ઞાત છે. આત્મા સાથે કર્મ કારણ ભાવથી પણ તદ્દન અજ્ઞાત છે. એટલે જીવાત્મા કર્મબંધ કારણે જુદા જુદા શરીરો ધારણ કરે છે અને તેનો વિકાસ અથવા પતન થાય છે. ભવભ્રમણ કરે છે પુનર્જન્મ છે, કોઈ કોઈને હાલ પણ જાતિસ્મરણ પૂર્વભવનું જ્ઞાન થાય છે વગેરે જીવન વિકાસ સાથે મૂળ આત્મા અને કર્મ સાથે સંબંધ ધરાવતી કોઈ વાત વૈજ્ઞાનિકોના મગજમાં ઉતરતી નથી. કારણ તેમની જ્ઞાન પદ્ધતિ પ્રકૃતિ ભૌતિક પદાર્થવિષયક શોધખોળ પ્રયોગાત્મક છે. જીવના શરીરથી ભિન્ન છતાં તેમાં રહેલ આત્મ દ્રવ્ય અને અતિ સૂક્ષ્મ એવા કર્મદ્રવ્ય વિષે જાણવાનું તેમની પાસે કોઈ સાધન નથી. તેઓ જીવના શારીરિક અને માનસિક વિકાસ સિવાય વિશેષ કોઈ વાતમાં માનતા નથી. શરીર મન બુદ્ધિ તત્ત્વોનો જનેતા અને ધારક જીવમાં રહેલ આત્મા છે પણ તે સર્વના પ્રેરણાત્મક આત્મા વિષે જેઓ કંઈ જાણે માને નહિ તે ફક્ત આત્મબળથી મળતા કેવળજ્ઞાન અને તેની અનંત જ્ઞાન-શક્તિ વિષે ક્યાંથી જાણે? હાલના વૈજ્ઞાનિકો પાસે સારું એવું અનુમાન તર્ક બુદ્ધિ બળ અને મોટા પ્રયોગાત્મક સાધનો છે. પણ તેની શક્તિ ઘણી મર્યાદિત છે. તેથી આ વિરાટ વિશ્વરચનાનાં રહસ્યો સમજવા, જીવમાં રહેલ આત્મદ્રવ્ય અને તેની અનંત શક્તિ સમજવા-પ્રાપ્ત કરવા તેમની પાસે કોઈ સાધન માર્ગદર્શન નથી. આ વિરાટ વિશ્વરચના, તેમાં રહેલ અનંતાનંત જીવો, તેમના આત્માની સાથે મોહકષાયાદિક કારણોથી બંધાતા કર્મો અને તેથી જુદા જુદા શરીરધારણ, ભવભ્રમણ, અવસ્થા, જીવાત્મા મોહવશાત્ કર્મ બાંધે છે તેમ રાગદ્વેષ ઉપર જય મેળવી કર્મથી મુક્ત પણ થાય છે વગેરે રહસ્યો સમજવા આધુનિક વિજ્ઞાન ઘણું ઘણું અધૂરું ને નાકામીયાબ છે. ભૌતિક પૌદ્ગલિક ઇન્દ્રિય બુદ્ધિથી પ્રાપ્ત થતું વિજ્ઞાન આત્મપ્રત્યક્ષ જ્ઞાન પાસે અત્યંત વામણું છે. આ વિરાટ વિશ્વના રહસ્યો ઉકેલવા પામવા હાલનું વિજ્ઞાન અને તેના સાધનો ઘણા મર્યાદિત અપૂર્ણ છે તેમ ઘણા વૈજ્ઞાનિકો પણ પ્રમાણિકપણે માને છે. કારણ તેમના જ્ઞાનની આડે અજ્ઞાનના આવરણો અતાગ અંધકાર ભર્યા છે. તેમનું જ્ઞાન માનસિક પૌદ્ગલિક પદાર્થ વિષયક છે, આત્મ પ્રત્યક્ષ નથી. આત્મ પ્રત્યક્ષ જ્ઞાન સૂર્ય જેવું સ્વયંપ્રકાશી છે. પણ સૂર્યની આડે આવતા વાદળાના થર જેમ તેનો પ્રકાશ પ્રાપ્ત થવા દેતા નથી તેમ જીવાત્મા ઉપર જ્ઞાનનું આવરણ કરનાર જુદા જુદા મોહનીય મિથ્યાત્વ વાસિત કર્મના થર આત્મ પ્રકાશ પ્રગટ થવા દેતા નથી. પણ તેથી અજ્ઞાનના આવરણો અંતરાયો જેમણે દૂર કરીને સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેમના સર્વજ્ઞપણા વિષે શંકા ધરાવવી અથવા મોહનીય કર્મના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સર્વથા નાશ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિની શક્યતા વિષે શંકા ધરાવવી કે શ્રદ્ધા મેલા ડહોળાયેલા પાણીના ખાબોચીઆમાં રાચતા જીવો માનસરોવરના સ્વચ્છ નિર્મળ જળ વિષે શંકા ધરાવે તેવું છે. માનસરોવરના અસ્તિત્વ વિષે શ્રદ્ધા હોય અને ત્યાં જવા પહોંચવા સાચું માર્ગદર્શન મળે તો શારીરિક ઘણાં કષ્ટો પરિશ્રમ વેઠીને જેમ તેનું અમૃત તુલ્ય સ્વચ્છ નિર્મળ જળ પ્રાપ્ત થઇ શકે છે તેમ જિનેશ્વર ભગવંતના પ્રવચનપ્રણીત શાસ્ત્રોમાં સમ્યક્ શ્રદ્ધા હોય તો જ્ઞાન અને ચારિત્ર બળના વિકાસથી સંપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન લોકાલોકવિષયક પ્રકાશક સર્વ તત્ત્વો પદાર્થોનું જ્ઞાન પણ મળી શકે. કાળબળે હાલ આપણું જ્ઞાન ઘણું અલ્પ પરિમિત છે અને હાલ કેવળજ્ઞાન કે તેવું વિશિષ્ટ પ્રકારનું આત્મ પ્રત્યક્ષ જ્ઞાન કોઇને પ્રાપ્ત થવાની શક્યતા નથી. એટલે અગાઉ કોઇને તેવું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું નથી અથવા થઇ શકે તેવું નથી એ પોતાની નબળાઇ અપૂર્ણતા અજ્ઞાનતા અંધકારની છાયા ચાદર બીજાઓ ઉપર પણ ઓઢાડવા જેવું છે.

જન્માંધ માણસને હિમાલયની વિશાળતાનો ખ્યાલ આવે નહિ. વળી તેનાં સૌથી ઉંચા શિખર ઉપર કોઇ સફળતાપૂર્વક આરોહણ કરી શકે છે તેમ માને નહિ એટલે હિમાલય કે તેના ઉંચા શિખર ઉપર કોઇથી આરોહણની શક્યતા જ નથી એમ માનવું મનાવવું એ અજ્ઞાન જ અજ્ઞાન મગજનાદનું પ્રદર્શન કરવા બરાબર છે. તેમાં પણ આત્માનું સ્વરૂપ અરૂપી છે, તેના અનંત જ્ઞાન દર્શન ચારિત્રમય અચિંત્ય શક્તિ બળનું આ કાળમાં કોઇને પ્રત્યક્ષ દર્શન થઇ શકે તેવું નથી. આ પૃથ્વી અને સૂર્યમંડળ અથવા શાસ્ત્રમાં જંબુદ્વીપ કહે છે તેટલું પણ કોઇને અવધિજ્ઞાન આ કાળમાં નથી. શાસ્ત્ર વર્ણન જ્યોતિષ ગ્રહોનો હાલના વિજ્ઞાન સાથે મેળ મળે તેવું નથી. પરંપરાથી કેટલીક કલ્પિત માન્યતાને શાસ્ત્રમાં સ્થાન મળી ગયું હશે. હાલનું વિજ્ઞાન જેમ ઘણું અપૂર્ણ છે તેમ શાસ્ત્ર લેખીત બધી બાબતો પરિપૂર્ણ છે તેમ માનવું એ પણ શ્રદ્ધાનો અતિરેક છે. કવચિત કોઇને જાતિસ્મરણ જ્ઞાન થયાના દૃષ્ટાંત મળી આવે છે અને તે

પૂર્વભવની સાથે પુનર્જન્મની સાબિતિ આપે છે. તે સિવાય આત્મા વિષે વિશેષ સમજવા આપણને કોઇ પ્રત્યક્ષ જ્ઞાન નથી. વળી ભૌતિક બાબતોની યથાર્થ સમજણ વિષે જ્યાં હાલનું વિજ્ઞાન ઘણું અપૂર્ણ છે, અને શાસ્ત્રો પાસે તેમાં સંપૂર્ણ બાબતોની પ્રતીતિ માટે શ્રદ્ધા સિવાય બીજા કોઇ સાધન પ્રયોગ નથી, ત્યાં આત્મા કર્મ કેવળજ્ઞાન મોક્ષ જેવી અતીન્દ્રિય આધ્યાત્મિક બાબતો સમજવા માનવા સમ્યક્ શ્રદ્ધા સિવાય બીજું કોઇ સાધન નથી.

એટલે આત્મા અને કર્મના સ્વરૂપ, કેવળજ્ઞાન અને આત્મ પ્રત્યક્ષ અતિશય જ્ઞાન વિષે સમજવા સમ્યક્ શ્રદ્ધા, શ્રુતજ્ઞાન અને કેટલાક અનુમાન સિવાય બીજું કોઇ સારૂં સાધન નથી. એમાં અશ્રદ્ધા એ પોતાનીજ અનંત જ્ઞાન શક્તિ વિષે અશ્રદ્ધા રાખવા બરોબર છે. આત્મા અને આત્મબળગુણોજ પ્રાપ્ત થતાં કેવળજ્ઞાન વગેરે વિષે સમજવા કોઈ બુદ્ધિ પ્રયોગ અનુમાન તર્ક દલીલો કામના નથી. પ્રાણ વાયુ આપનાર સૂર્યપ્રકાશ કે શીતળ મનોરમ્ય ચંદ્રપ્રકાશ સામે જન્માંધ આંધળાઓની દુનિયાની દલીલો જેમ મિથ્યા છે. તેમ સંપૂર્ણ કેવળ દર્શન જ્ઞાનના પ્રકાશ અને પ્રાપ્તિ સામે અસર્વજ્ઞ છદ્મસ્થોનાં અનુમાન તર્ક દલીલો મિથ્યા છે. ખુદ ભગવાન મહાવીરના સમયમાં પણ અન્ય ધર્મ પ્રવર્તકો નાયકો પોતાને સર્વજ્ઞ અરિહંત માનતા હતા અને પોતાના અનુયાયીઓની સંખ્યા વધારતા હતા. તે વખતે સર્વજ્ઞપણા અને અરિહંતપદની પ્રતિષ્ઠા ધર્મ પ્રચાર માટે ઘણી હશે. છતાં સર્વજ્ઞત્વ અને કેવળજ્ઞાનની વિશેષતા તથા તેના અનંતજ્ઞાનમયસ્વરૂપ અને મોક્ષની વિસ્તારપૂર્વક જે સમજણ જૈન દર્શનમાં મળે છે તેવી બીજા કોઇ ધર્મના દર્શનશાસ્ત્રમાં મળતી નથી. ઊલટું પોતાને સર્વજ્ઞ અને અરિહંત માનનાર મનાવનાર અન્ય ધર્મ પ્રવર્તકોમાં કેટલી કેટલી અપૂર્ણતા અજ્ઞાનતા હતી તેમજ નિર્વાણ મોક્ષ વિષેની તેમની માન્યતા કેટલી ભ્રામક અપૂર્ણ છે તે તેમનાજ ધર્મગ્રંથો અને જીવન ચરિત્રો ઉપરથી જોઇ શકાય તેવું છે. ઘણા વિદ્વાન અને શાસ્ત્ર પંડિત છતાં, ઘણા દર્શન શાસ્ત્રના અભ્યાસી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતાં, આત્મા પુનર્જન્મ વિગેરે ઘણી બાબતો માનવા છતાં કેટલાક પંડિતો હાલના પશ્ચિમના વૈજ્ઞાનિકો માફક ઉત્ક્રાંતિમય વિકાસમાં માનતા થયા અને કોઇ પરિપૂર્ણ સંપૂર્ણ જ્ઞાની કર્મમુક્ત થઇ શકે તેમ નથી તેથી જેમ બને તેમ સ્વપરસુધારણા કલ્યાણના માર્ગમાં માનતા થયા. તે સાથે સમકિતના મૂળ ગુણ શ્રદ્ધાથી ચલિત થયા. જૈન દર્શન મુજબ જીવાત્માનો પરમ આદર્શ સંસાર મુક્તિ મોક્ષ માનવાની અને તે સાથે તેના પુરોગામી કેવળજ્ઞાન પ્રાપ્તિની તેમને કોઇ જરૂર લાગી નહિ. જેઓ આ સંસારમાં જ કાયમ રહીને પોતાને અને બીજા માટે સુખ મેળવવાની માન્યતા મથામણમાં પડે તે સંસારથી મુક્ત એવાં મોક્ષસુખમાં માને પણ કેવી રીતે? ખરેખર તેઓ ઉપર મુજબની વિચાર શ્રેણીથી સંસારસુખના આદર્શમાં માનતા થયા અને કેવળજ્ઞાન મોક્ષમાં પ્રમાણિકપણે માનતા બંધ થયા. પણ તેથી બીજાઓએ ખાસ કરીને જૈન દર્શનના અભ્યાસી મુમુક્ષુ ભાવનાશાળી જીવોએ દોરવાઇ જવું નહિ. સંસારમાં ગમે તેટલા ભવ પરિભ્રમણ કરવામાં આવે પણ કદી શાશ્વત સુખ મળે તેમ નથી. બીજાઓનાં સુખ પ્રાપ્તિ-દુઃખ નિવારણ માટે ફરીફરી અવતાર લેવા ભવ ધારણ કરવાની માન્યતા આમક ફોગટ છે. તે કરતાં પોતાના જ આત્મ કલ્યાણ અને મોક્ષસાધના કરતાં કરતાં બને તેમ બીજાનું કલ્યાણ સાધવું અને સંસારમુક્ત થઇ અનંતજ્ઞાન દર્શન ચારિત્રમય શાશ્વત સમભાવ સુખ પ્રાપ્ત કરવું અને તે માટે શુદ્ધિ ઉપયોગપૂર્વક સાધના માર્ગમાં શ્રદ્ધા રાખવી તે જ પરમ કર્તવ્ય છે.

ઉપર મુજબ **उपयोगो लक्षणम्** સૂત્ર ઉપર વિવેચન પછી **परस्परोपग्रहो जीवानाम्** એ સૂત્ર ઉપર હવે પછી વિચાર કરશું.

---

# જૈન સમાચાર

## ભાવનગર મુકામે ઉદ્ઘાટન સમારોહ

ભાવનગર મુકામે શ્રી દાદાસાહેબ મહાવીરસ્વામી જિનાલયના આગળના ભાગમાં લગભગ બે-લાખ રૂા.ના ખર્ચે તૈયાર થયેલ શ્રીમતિ ચંચળબેન ભોગીલાલ શ્રાવિકા ઉપાશ્રય, શ્રી ગીરધરલાલ આણંદજી સામાયિક શાળા, જ્ઞાનમંદિર તેમજ શ્રી સાધ્વીજી મ. વિહારભુવનનું ઉદ્ઘાટન કરવામાં આવનાર હોય શ્રીસંઘની વિનંતિથી પાલીતાણાથી પૂ. આ. શ્રી માણેકસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ અત્રે વૈ. શુ. ૭ને બુધવારના ભવ્ય સામૈયા સહ પધારેલ. આ ઉદ્ઘાટન પ્રસંગે જિનાલયના વિશાળ ચોકમાં સમીયાનો ઉભો કરવામાં આવેલ.

પૂ. આચાર્યદેવશ્રીએ માંગલિક પ્રવચન આપ્યા બાદ શ્રીમાન ચંદુલાલ વર્ધમાન શાહને વિનંતી કરવામાં આવતા તેઓશ્રીએ પૂ. આ.શ્રીની નિશ્રામાં રહી પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. માંગલિક ગીતો ગવાયા બાદ ચારે સ્થાનોની ઉદ્ઘાટન વિધિ ધામધૂમથી અનુક્રમે શેઠશ્રી ભોગીલાલભાઇ, શ્રી કુમારપાળ નેમચંદ, શ્રી ખીમચંદભાઇ ચાંપશી અને શ્રી જગજીવનદાસ ભગવાનભાઇએ કરી હતી.

ત્યારબાદ કવિશ્રી અમરચંદ માવજી શાહ રચિત પ્રસંગાનુકુલ કાવ્ય ગવાયું હતું. બાદ બહારગામથી આવેલા સંખ્યાબંધ શુભેચ્છાના સંદેશાનું વાંચન કરવામાં આવેલ. શ્રીસંઘના પ્રમુખશ્રી ભોગીલાલભાઇએ આવા ધર્મસ્થાનોની જરૂરીયાત તેમજ આવા કાર્યોમાં સાથ આપનારાઓનો આભાર વ્યક્ત કરતું સુંદર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવચન કર્યું હતું. શ્રીહોરના નગરશેઠે પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "આ સ્થાનોમાં 'ધર્મજ્યોતી' પ્રગટાવી હોય તો પૂ. સાધ્વીજી સમુદાય પધારે તે આ જ્યોતને પ્રગટેલી રાખે." તેમજ આપણામાં રહેલા ચાર શત્રુઓને દૂર કરવાના કાર્યમાં અનુમોદના આપતા રહેવા જણાવેલ.

ત્યારબાદ સમારંભના પ્રમુખશ્રી ચંદુલાલભાઈએ મનનીય પ્રવચન આપતા જણાવ્યું હતું કે, આ ઉદ્દઘાટનના સ્થાનો શ્રાવક-શ્રાવિકાના ઉપકાર સ્થાનો છે. પૂ. આચાર્યશ્રી તેમજ દાતાઓનો આભાર માની શ્રી ભોગીલાલભાઈની આ ૯૦ વર્ષની વયે પણ જે યુવાન જેવી સ્વસ્થતા જળવાય રહી છે તે તેમના પૂર્વભવની પુન્યાઈ હોય આપણે પણ આવી પુન્યાઈ પ્રાપ્ત કરવા ધર્મકાર્યો કરી પુન્ય ઉપાર્જન કરવા પ્રયત્ન કરવો જોઈએ.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે,–"ભાવનગર એ અમદાવાદ (ગુજરાત) જેમ સૌરાષ્ટ્રની જૈનપુરી છે. અહીંના આગેવાનોએ ધર્મસંસ્કારોથી એ સાબીત કરી આપ્યું છે. ભાવનગરમાં સાહિત્ય અંગેની ત્રણ સંસ્થાઓ છે. તેઓ પાસે અલભ્ય સાહિત્ય છે; અને તે સાચવી રાખ્યું છે. પરન્તુ તેનો સદ્ઉપયોગ થાય તે વિચારવાનું છે. આ ત્રણે સંસ્થાઓ એકત્ર થઈ સાહિત્ય તેમજ સંશોધનનું કાર્ય અમદાવાદની શેઠ લાલભાઈ દલપતભાઈ વિદ્યાભવનની જેમ શરૂ કરે એ જરૂરી છે.

"જ્ઞાન અને ધર્મની સાથે ભૌતિક વસ્તુની પણ જરૂર છે. જૈન સમાજના દરેક ફિરકાની મળી વસ્તી ૫૦ લાખ છે. તેમાં આપણો એક જ ફિરકો લગભગ ૨૫ લાખના સમુદાયનો છે. એમાં એક પણ કુટુંબ હાથ લાંબો કરે તે આપણે શરમાવા જેવું છે, પર્વના દિવસોમાં આપણે શ્રાવકો માટે ફંડફાળો કરીએ છીએ તે આપણા માટે શરમાવા જેવું છે. પરન્તુ આપણે એવી કોઈ યોજના કરવી જોઈએ કે જેથી ફરી એક પણ ભાઈ વ્યાવહારિક કે ધાર્મિક જ્ઞાન વિનાનો ન રહે. આટલી શક્તિ પ્રાપ્ત થશે તો સમાજ ઘણો ઊંચો આવી શકશે. કેટલાક અત્યારની હવાનો દોષ કાઢે છે ને કાળની વિચારણામાં ઊભા રહે છે. આ રીત જૈન સંસ્કૃતિ નથી પણ બરાબર ઊભા રહી વિકાસ સાધવો એ જ જૈન સંસ્કૃતિ છે."

"અત્યારે જે ક્ષેત્રની જરૂર છે તેમાં આપણા બાળકોને અભ્યાસ અથવા ઉદ્યોગો તરફ દોરવા ને ધંધામાં લગાડવા કે જેથી ગરીબીમાંથી ઉભરી જાય. આપણા પૂ. આચાર્યદેવો તથા પૂ. મુનિવર્યો આવી રીતના ઉપદેશ આપવા તેમજ શ્રાવકોને બોલાવી પ્રતિતી કરવા પ્રેરણા આપતા રહે તેવી વિજ્ઞપ્તિ છે."

"મારી આ વાતથી કોઈને પણ ઠીક ન લાગ્યું હોય તો ક્ષમા માંગુ છું."

બાદ પૂ. આચાર્યદેવશ્રીએ પ્રવચન આપતા કહ્યું હતું કે, "દરેક મનુષ્ય સુખની ઇચ્છા રાખે છે. અને સાચા સુખનું સાધન ધર્મ છે. પાપથી દુઃખ થાય છે. દરેક ધર્મનો સાર પણ એ જ છે. માણસ પુણ્ય નવ પ્રકારે બાંધી શકે છે. તેમાં અન્ન, પાણી અને આશ્રય એ ઉચ્ચ પ્રકારના પુણ્યમાર્ગો છે. ગુરુવર્યોની વહોરાવવા આદિની સગવડતા સાચવવી અને તેઓથી ધર્મક્રિયા સુંદર તથા શાંતિપૂર્વક કરાવી શકે તે માટે ઉપાશ્રયો કરાવવા તે પણ પુણ્યના કાર્યો જ છે."

અંતમાં સંઘના ઉપપ્રમુખશ્રી ખીમચંદ ચાંપશીભાઈએ સૌનો આભાર માન્યો હતો.

"જૈન" તા. ૩૦-૪-૬૯ માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

**બનાવનાર**

બારજીસ

લાઈફ બોટસ

ટગ્ઝ

ફ્રેજર્સ

પેસેન્જર સ્ટીમર્સ

પોન્ટુન્સ

મુરીંગ બોયઝ

બોયન્ટ એપરેટસ વિગેરે

**બનાવનાર**

રોલીંગ શટર્સ

ફાયર પ્રૂફ ડોર્સ

રોડ રોલર્સ

ગર્ડીલ બ્રીજ

રેફ્યુઝ હેન્ડ કાર્ટસ

પેલ ફેન્સીંગ

લેડ–ગુલાઈટ ( લેડગુલ )

મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર્સ : શ્રી મોહનલાલ બાપુજી શાપરીઆ

શ્રી અમૃતલાલ બાપુજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૭૧/૭૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૭૦૮૦૯
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઈ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા લાઇફમેમ્બર

શ્રી વિનયચંદ ત્રિભોવનદાસ પારેખ – ભાવનગર

## પાલીતાણામાં પ્રતિષ્ઠા મહોત્સવ

સુરત રહેતા ( સાવરકુંડલાના વતની ) સંઘવી મનુભાઇ વીરજીભાઇ સુતરીયા તરફથી પાલીતાણા-શત્રુંજયગિરિરાજની તળેટીમાં આવેલ શ્રી બાબુ ધનપતસિંહજીના જિનાલયમાં પ્રવેશદ્વાર સામે નવી જ તૈયાર કરાવેલ ભવ્ય દેવકુલિકામાં શ્રી આદિનાથ જિનબિંબની પ્રતિષ્ઠા વૈશાખ વ. ૭ તા. ૧૧-૫-૬૬ના ભવ્ય રીતે ઉજવાયેલ છે.

આ પ્રસંગે તેઓશ્રી તરફથી વૈ. વ. ૪ના સાવરકુંડલાથી પાલીતાણાનો બસ દ્વારા સંઘ કાઢવામાં આવેલ. અને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમમાં પૂ. આ. શ્રી જંબૂસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રી સંઘ તીર્થમાળ મહોત્સવ અપૂર્વ ધુમધામથી ઉજવાયેલ છે.

## ભેટના પુસ્તક માટે વિજ્ઞપ્તિ

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ). મહારાજશ્રી વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ચાલીસ પૈસાની પોષ્ટની ટીકીટો મોકલીને સભ્ય સાહેબોને તે મંગાવી લેવા વિનંતિ છે.

મંત્રી.

## સ્વર્ગવાસ નોંધ

શાહ ડાયાલાલ હરીચંદ ભાવનગર મુકામે તા. ૪-૫-૬૬ બુધવારના રોજ થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ. તેઓશ્રી ધર્મપ્રેમી હતા. તેમજ સ્વભાવે મિલનસાર હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી. આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) १०–००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ
भा. २जो (પાંચ અને ૭) ६–००

३ जैनमेघदूत २–००

४ प्रकरण संग्रह (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०–५०

५ त्रिषष्ठी पर्व भा. १लो. (મૂળ સંસ્કૃત) ६–००

६ „ भा. २जो ( „ ) ८–००

७ „ (પ્રતાકારે) १०–००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्कमहार्णवतारिका........ १५–००

९ तत्त्वार्थाधिगमसूत्रम्............ १५–००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only